सत्यमेव जयते

## વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં

# વિકાસ કાર્યક્રમો

### મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાનો કાર્યક્રમ




વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA



**શ્રી મંગુભાઈ પટેલ**
માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ,
આદિજાતિ વિકાસ વિભાગ



**શ્રી કાન્તીભાઇ ગામીત**
માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ
(રાજ્યકક્ષા)

## આદિજાતિ વિકાસ વિભાગ,
## ગુજરાત રાજ્ય, ગાંધીનગર













વનબંધુ કલ્યાણ યોજના

VANBANDHU KALYAN YOJANA

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વનબંધુ કલ્યાણ યોજના ૨૦૦૭ થી ૨૦૧૨ના પ્રથમ તબક્કામાં આદિજાતિઓના વિકાસના મળેલ પરિણામો ધ્યાને લઇ બીજા તબક્કાના પાંચ વર્ષ માટે રૂા. ૪૦,૦૦૦ કરોડની જોગવાઇ પુરી પાડવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે. તે સામે વિકાસની અનેકવિધ સફળતા હાંસલ કરવા રૂા. ૪૨,૦૦૦ કરોડ જેટલી માતબર રકમની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ફાળવણી કરી છે.

માનનીય મુખ્યમંત્રીના પ્રેરક અને ગતિશીલ નેતૃત્વ હેઠળ રાજયના આદિવાસીઓને અનેકવિધ લાભો આપીને વિકાસ તરફ સતત ગતીશીલ રાખવા વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂા.૧૦૨૬૮ કરોડ જેટલી રકમ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ફાળવણી કરવામાં આવી છે.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકાતી યોજનાઓ માટે વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટ પૈકી કુલ રૂા.૧૬૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂા.૪૧૯ કરોડ ની ફાળવણી કરવામાં આવી છે. આ પ્રયાસ આદિજાતિના વિકાસને ગતિશીલ બનાવશે.

## આદિજાતિ કુંટુંબોને રોજગાર :

**આદિજાતિના કુંટુબોની આવક બમણી કરવા માટે રોજગારલક્ષી કાર્યક્રમો માટે રૂ. ૭૯૫૨૫.૦૦ લાખ ની જોગવાઇ.**

- ગતિશીલ ગુજરાત હેઠળ સ્વાવલંબન કાર્યક્રમ દ્વારા રાજયની ૧૦ હજાર આદિવાસી બહેનોને પશુપાલન વ્યવસાય માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ સહાય આપી સ્વનિર્ભર બનાવવા લક્ષ્યાંકના હેતુથી આ વખતના બજેટમાં રૂા. ૩૨૪૦.૦૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

- આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સમાજની પરંપરાગત હસ્તકલાએ એક વૈકલ્પિક રોજગારી તરીકે પ્રોત્સાહીત કરી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજની હસ્તકલાને સંરક્ષણની સાથે સાથે યોગ્ય તાલીમ, જરૂરી સાધન સામગ્રી, બજાર વ્યવસ્થા અને સંગ્રહની સુવિધાઓ મળી રહે, તે માટે ખાસ યોજના હેઠળ જોગવાઇ રૂા. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ.

- પીપીપી મોડેલ પર આધારીત **CIPET** સંચાલિત વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, ધરમપુર, જિ.વલસાડ ખાતે અંદાજે ૧૦,૦૦૦ યુવાનોને તાલીમ મળી રહે તે માટે તાલીમ કેન્દ્રના મકાન બાંધકામ માટે રૂા. ૯૬૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. પીપીપી મોડેલ પર આધારીત મુનિ સેવા આશ્રમ દ્વારા સંચાલિત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, ગોરજ, તા.વાઘોડિયા, જિ.વડોદરા ખાતે અંદાજે ૫૦૦૦ યુવાનોને તાલીમ મળી રહે તે માટે તાલીમ કેન્દ્રના મકાન બાંધકામ માટે રૂ.૨૧૪.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. આમ કુલ રૂા. ૧૧૭૪.૦૦ લાખની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ ખેડૂતો દ્વારા લેવામાં આવતા પાકો પૈકી વેલાવાળા પાકો જેમાં ખાસ કરીને શાકભાજીના પાકોનું સવિશેષ વાવેતર થાય છે. તેના ઉત્પાદન અને ગુણવત્તા માટેના મૂલ્યવર્ધન હેતુસર આદિજાતિના ખેડૂતોને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાથી

આજીવિકામાં વધારો કરવાની યોજના માટે રૂા. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે..

- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ઇકો-ટુરીઝમ સેન્ટર વિકાસાવવામાં આવી રહ્યા છે. આ ઇકો-ટુરીઝમ સેન્ટરો એવા સ્થાનિક તથા આંતર રાષ્ટ્રિય પર્યટકોને આકર્ષિત કરશે કે જે આંતરિયાળ આદિજાતિ વિસ્તારોના પ્રાકૃતિક સૌદર્યને જાણવા અને માણવા માટે આવતા પ્રવાસીઓને ઇકો-ટુરીઝમ સેન્ટર પરથી આદિજાતિ કલાકૃતિઓ અને કૌશલ્ય પ્રદર્શીત કરવાની તથા આર્થિક ઉપાર્જન કરવા વેચાણ કેન્દ્રો ઉભા કરી તેના દ્વારા રોજગારી ઉભી કરવા માટે રૂા. ૬૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. ઇકો ટુરીઝમ સેન્ટર પર ૮ થી ૧૦ સ્ટોલ ઉભા કરવાની યોજના છે.

- આદિજાતિ વિસ્તારોમાં નાહરી કેન્દ્ર સ્થાપવાની સાથે ગ્રાહકોને પરંપરાગત આદિજાતિ વાનગીઓ અને ગૃહ ઉત્પાદિત અથાણાં, પાપડ વિગેરેના વેચાણ માટે નાહરી કેન્દ્રો સ્થાપવામાં થનાર વાંસકામ, ફર્નીચર, વાસણો, ફ્રીઝ, વોટર કુલર, બાથરૂમ વિગેરે સુવિધાઓ વિકસાવવા થનાર  ખર્ચ થકી આદિજાતિ બહેનો માટે આજીવિકાની તકો વધારાવા તથા તેમના સશક્તિકરણના ઉદ્દેશથી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં નાહરી કેન્દ્રો સ્થાપવા માટે રૂા.૫૦.૦૦ લાખની  જોગવાઇ.

- આદિજાતિ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ કલાકૃતિ વેચાણ મેળાની આ યોજના કે જેમા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેતા કલાકારો તેમજ જુદી જુદી હસ્તકલાની કૃતિઓ બનાવતા આદિજાતિ કલાકારોને પોતાની કલા પ્રદર્શીત કરવા તેમજ પોતાની કૃતિઓનું વેચાણ કરવા સાથેસાથે સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ તેમજ પરંપરાઓની જાળવણી થાય તે માટે વડોદરા, સુરત જેવા શહેરોમાં રોટેશનના ધોરણે દર વર્ષે મેળાઓ યોજવા માટે રૂા. ૨૫.૦૦ લાખની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારમાં ઉત્પાદન થતી અને લાંબા સમય સુધી સચવાતી જુદી જુદી આયુર્વેદીક ઔષધિનું આદિજાતિ મહિલાઓ દ્વારા ઔષધિય સ્વરૂપમાં પેકીંગ થાય અને ઉત્પાદન અને વેચાણને પ્રોત્સાહન મળે અને મહિલાઓને એક કાયમી આવકનો સ્ત્રોત મળે તે હેતુ માટે તાલીમ આપી કાચો માલ અને

ખેત ઉત્પાદન માટે કીટ અને માર્ગદર્શન પુરા પાડવાની યોજના માટે રૂ.૫૦.૦૦ લાખની જોગવાઇ

- વર્મી કમ્પોસ્ટ (અળસિયાના ખાતર) યોજના હેઠળ આદિજાતિના કુંટુંબો આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે તે માટે જિલ્લા વન અધિકારીશ્રી મારફતે તાલીમ અને સહાય માટે રૂ. ૫૦.૦૦ લાખની જોગવાઇ.
- આ રાજય સરકારે જંગલની જમીનો મળ્યા પછી તેઓ અર્થક્ષમ ખેતી કરી સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તે માટે જમીન સમથળ કરવા, સિંચાઇ કામો કરવા, કૃષિ વિષયક સહાય આપવા માટે એફ.આર.એ.ના લાભાર્થીઓને ચાલુ વર્ષે ૨૦૧૬-૧૭ માટે રૂ. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરી છે.
- અનુ. જનજાતિના બી.પી.એલ. તેમજ એફ.આર.એ.ના જમીન ધરાવતા ખેડુતોને ઓર્ગેનિક વેજીટેબલ ફાર્મીંગ, ગ્રેડીંગ અને પેકેજીંગની તાલીમ અને માર્ગદર્શન માટે સહાય આપવા અંગે રૂ. ૨૦.૦૦ લાખની જોગવાઇ.
- પાક કૃષિ વ્યવસ્થા માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના ૨૦૮ તાલુકામાં આદિજાતિ ખેડૂતો માટે સબ મિશન ઓન એગ્રીકલ્ચર મીકેનાઇઝેશન યોજના અમલ કરવા માટે રૂ. ૭૭૦.૦૦ લાખની જોગવાઇ.
- ભૂમિ અને જળ સંરક્ષણ માટે આદિજાતિ વિસ્તારના પછાત તાલુકાઓમાં આદિજાતિના ખેડૂતો માટેની સંકલિત વિકાસ યોજનાનો અમલ કરવા માટે રૂ. ૧૧૦૦.૦૦ લાખની જોગવાઇ
- સામાજિક વનીકરણ હેઠળ સ્વસહાય જુથોને વર્મી કમ્પોસ્ટ દ્વારા જૈવિક ખાતર બનાવવા માટે નાણાંકીય સહાય આપવા માટે રૂ. ૪૦૦.૦૦ લાખની જોગવાઇ
- કારીગરો તાલીમ યોજના હેઠળ આદિજાતિના લોકોને તાલીમ માટે રૂ. ૧૬૮૯૪.૪૦ લાખની જોગવાઇ.
- મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલ ડેવલપમેન્ટ યોજના હેઠળ રૂ. ૩૬૪.૫૮ લાખની જોગવાઇ દ્વા રા સ્કીલ ડેવલપમેન્ટની કામગીરી થશે.

- શ્રમિકો અને સ્થળાંતરિત મજુરોના કલ્યાણ માટેની જોગવાઇ રૂા. ૭૩૭.૦૦ લાખ
- તાલિમબદ્ધ આદિજાતિ યુવાવર્ગના નિર્માણ માટે રૂા. ૬૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ગ્રામિણ રોજગાર કાર્યક્રમ મિશન-મંગલમ હેઠળ રૂા. ૬૦૦.૦૦ લાખની જોગવાઇ
- રાષ્ટ્રિયગ્રામિણ રોજગાર બાહેધરી યોજના હેઠળ રૂા. ૨૦૧૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આજિવિકા માટે રૂા. ૯૨૮.૨૦ લાખની જોગવાઇ.
- શિક્ષીત બેરોજગાર યુવાઓને સ્વરોજગાર માટે નાણાકિય સહાય માટે રૂા. ૯૪૦.૦૦ લાખની જોગવાઇ.
- વ્યક્તિગત કારીગરોને જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ રાષ્ટ્રીય બેંકો મારફત નાણાકિય સબસીડિ માટે રૂા. ૧૩૨૦.૦૦ લાખની જોગવાઇ.
- હેન્ડલુમ, હાથશાળા, હસ્તકલા, ખાદી અને ગ્રામોદ્યોગ તથા કુટિર ઉદ્યોગની યોજનાકીય સહાય માટે રૂા. ૧૩૦૨.૪૦ લાખની જોગવાઇ
- આદિજાતિ ખેડુતો માટે કૃષિ વિપયક સહાય માટે રૂા. ૩૫૮૭.૨૭ લાખની સહાયની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં બાગાયતી વિકાસ કાર્યક્રમોની યોજના માટે રૂા. ૨૬૦૦.૦૦ લાખની જોગવાઇ.

## ગુણવત્તાયુક્ત શિક્ષણ :

**આદિજાતી વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં રૂા. ૧૨૮૬૧૯.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.**

- મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમમાં એક અગત્યનો મુદ્દો ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ભાર મુકવામાં આવેલ છે. આદિજાતિ યુવક/યુવતીઓને ઉચ્ચ અભ્યાસ માટે રાજપીપળા જિલ્લો નર્મદા ખાતે આદિજાતિ યુનિવર્સીટી શરૂ કરવા માટે રૂા. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ
- માન્યતા પ્રાપ્ત ૧૦૦ જેટલી આશ્રમશાળાઓને સ્માર્ટ આશ્રમશાળા તરીકે વિકાસવા માટે શાળા દીઠ રૂા. ૭.૫૦ મુજબ રૂા. ૭૫૦.૦૦ લાખની જોગવાઇ.
- રાજય સરકાર ધ્વારા જુદા જુદા સ્થળોએ કોલેજ કક્ષાના સરકારી છાત્રાલય કાર્યરત છે. જ્યારે અમુક વિસ્તારમાં આ સુવિધા નથી, તો આદિજાતિની વિદ્યાર્થીનીઓને આ સગવડ મળી રહે તે માટે મહેસાણા, ઇડર, વાઘોડીયા, લુણાવાડા, ઝાલોદ, ઉચ્છલ, વાલોડ, બોડેલી, વાંસદા અને મોટા પોઢા ખાતે કોલેજ કક્ષાના નવા ૧૦(દસ) સરકારી કન્યા છાત્રાલયો શરૂ કરવા માટે રૂા. ૩૧૩.૨૦ લાખની જોગવાઇ
- સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા એસ.સી./એસ.ટી. અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર એમ પાંચ યુનિવર્સિટીના દરેક સ્થળે ૨૦૦૦ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની ક્ષમતા ધરાવતાં તથા આણંદ ખાતે ૫૦૦ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની ક્ષમતા મળી કુલ ૨૦૫૦૦ વિદ્યાર્થીઓ માટે સમરસ છાત્રાલય મકાનનું બાંધકામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર હોઇ જેમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રહેવા-જમવાની સગવડ મળી રહે તે માટે તથા સમરસ છાત્રાલયોના વહીવટ તથા ભોજન અને અન્ય ખર્ચ માટે રૂા. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૮૫ જેટલી ઇ.એમ.આર.એસ., એલ.એલ.જી.આર.એસ. તથા મોડેલ શાળાઓમાં

વિદ્યાર્થીઓ પુસ્તકો દ્વારા સામાન્ય જ્ઞાન મેળવી શકે તે માટે લાયબ્રેરીની સુવિધા અદ્યતન કરવા તેમજ ઉપલબ્ધ કરાવવા માટે રૂા. ૫૯.૦૦ લાખની જોગવાઇ


- ૧૫ (પંદર) આદર્શ નિવાસી શાળાઓ નસવાડી, અંકલેશ્વર, ઝઘડીયા, નેત્રંગ, સોનગઢ, વ્યારા, ઉકાઇ, લીમખેડા, અમીરગઢ, પાવીજેતપુર, છોટાઉદેપુર, (ક) વાંસદા, ઉંમરપાડા, રાજપીપળા અને નોગામા ખાતે ધોરણ-૧૦ના ક્રમિક વર્ગ વિકાસ માટે રૂા. ૧૪૫.૬૩ લાખની જોગવાઇ. ૫ (પાંચ) આદર્શ નિવાસી શાળાઓ છોટાઉદેપુર (ક), અમીરગઢ, ખેડબ્રહ્મા, સાગાબરા, ઉંમરપાડા (કુમાર) ખાતે ધોરણ-૧૨ના ક્રમિક વર્ગ વિકાસ માટે જોગવાઇ રૂા. ૩૬.૦૦ લાખ આમ ૨૦ (વીસ) આદર્શ નિવાસી શાળાઓમાં ક્રમિક વર્ગ વિકાસ માટે રૂા. ૧૮૧.૬૩ લાખની જોગવાઇ.

- ૨ (બે) આદર્શ નિવાસી શાળાઓ નસવાડી (કુમાર) અને અમીરગઢ (કન્યા) ખાતે પ્રાર્થના હોલ, હોસ્ટેલ બ્લોક, કીચન ડાઇનિંગ હોલ, સાયન્સ લેબ અને શાળાના અન્ય મરામતના કામ માટે રૂા. ૭૭૬.૮૦ લાખની જોગવાઇ. આદર્શ નિવાસી શાળા, (કુમાર) નેત્રંગ, જિ. ભરૂચ ખાતે કંમ્પાઉન્ડ વોલના કલરકામ, તાર ફેન્સીંગ, પેવર બ્લોક તેમજ આર.સી.સી.ના એપ્રોચ રોડ બનાવવા માટે જોગવાઇ રૂા. ૧૬૪.૦૦ લાખ. આદર્શ નિવાસી શાળા (કુમાર) ઉકાઇ, તા. વ્યારા, જિ. તાપી ખાતે મકાનના પ્રથમ માળ પર વિજ્ઞાન પ્રયોગ શાળા, લાયબ્રેરી રૂમો બનાવવા માટે રૂા. ૯૧.૧૯ લાખની જોગવાઇ તથા ડેડીયાપાડા ખાતે હોસ્ટેલ બિલ્ડીંગ રીપેરીંગ/રીનોવેશન માટે રૂા. ૧૫૦.૮૦ લાખની જોગવાઇ. આમ ૫ (પાંચ) આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ સુવિધાઓ માટે રૂા. ૧૧૮૩.૭૯ લાખની જોગવાઇ.

- નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે ૨૫૦ ની માન્ય સંખ્યા ધરાવતા હાલ ભાડાના મકાનમાં કાર્યરત સરકારી કન્યા છાત્રાલયના મકાન બાંધકામ માટે અંદાજીત રૂા. ૧૨૦૦.૦૦ લાખના ૩૩% મુજબ રૂા. ૨૭૫.૦૦ લાખની જોગવાઇ. નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે ૫૦ ની માન્ય સંખ્યા ધરાવતા હાલ ભાડાના મકાનમાં કાર્યરત સરકારી કન્યા ડ્રાય હોસ્ટેલના મકાન બાંધકામ માટે અંદાજીત રૂા. ૧૨૦૦.૦૦ લાખના ૩૩% મુજબ રૂા. ૧૮૭.૨૮ લાખની જોગવાઇ. આમ ૨ (બે) સરકારી છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂા. ૪૬૨.૨૮ લાખની જોગવાઇ.

- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, વાઘોડીયા-૨, શામળાજી-૧ તેમજ ધરમપુર એમ ૩( ત્રણ) શાળાઓ તથા એલ.એલ.જી.આર.એસ. બાબરઘાટ અને ઝાલોદ તથા દાંતા આમ ૬ (છ) શાળાના મકાન બાંધકામ માટે રૂા. ૩૬૬૫.૧૨ લાખની જોગવાઇ.
- આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર માટે આધુનિક રીસર્ચની સુવિધાઓ, અદ્યતન તાલીમ કેન્દ્ર, સંપૂર્ણ સુવિધા સાથેનું વહીવટી સંકુલ, રહેવા માટેનું છાત્રાલય વિગેરેની સુવિધાઓ સાથેના કોમ્પ્લેક્ષના બાંધકામ માટે ટોકન રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઇ.
- સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે કાર્યરત આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવા આપેલ મંજુરી અંર્તગત કુલ-૪૨૭ આશ્રમશાળાઓમાં  વર્ગ દીઠ-૧ વિદ્યાસહાયક મુજબ કુલ ૪૨૭ - વિદ્યાસહાયકો માટે રૂા. ૧૨૨.૪૦ લાખની જોગવાઇ.
- અનુ.જનજાતિની ગ્રાન્ટ ઇન એઇડ ૨૮( અઠાવીસ) આશ્રમશાળાઓ (૧૮)/ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળાઓ (૧૦)માં ધોરણ-૧૦/ ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ના ક્રમિક વર્ગ વિકાસ માટે રૂા. ૧૩૭.૦૪ લાખની જોગવાઇ.
- કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં માસિક રૂા. ૧૦૦૦.૦૦ લેખે ફુડબીલ સહાય ચુકવવામાં આવે છે. હાલમાં માન.મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ફુડબીલના દરો રૂા. ૧૨૦૦/- નિયત કરવામાં આવેલ હોઇ એક સમાન ધોરણે ફુડબીલ સહાય ચુકવાય તે માટે હાલના દર  રૂા. ૧૦૦૦.૦૦ માં રૂા. ૨૦૦.૦૦ નો વધારો કરીને રૂા. ૧૨૦૦.૦૦ કરવા માટે રૂા. ૧૮૦.૦૦ લાખની જોગવાઇ.
- આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત ખાનગી બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨૫ ટકા વિધ્યાર્થીઓની ફી પરત ચુકવણી કરવા રૂા. ૬૪૪.૦૦ લાખની વિશેષ જોગવાઇ.
- ૨૦ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરુ કરવા માટે રૂા. ૧૦૫.૦૦ લાખની જોગવાઇ.
- પ્રાથમિક શાળાઓમાં માળખાકીય સુવિધા તથા વર્ગખંડોના બાંધકામ માટે રૂા. ૧૦૮૧૨.૦૦ લાખની જોગવાઇ.

- આદિજાતિ બાળકોના શિક્ષણનો પાયો મજબૂત બને તે હેતુથી પ્રાથમિક શિક્ષણ માટે રૂા. ૩૪૫૦૦.૦૦ લાખની જોગવાઇ.
- અનુ.જનજાતિના બાળકોને સારી ગુણવત્તાવાળું માધ્યમિક શિક્ષણ મળી રહે તે માટે રૂા. ૧૩૮૧૩.૦૦ લાખ, યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ યોગ્ય રીતે મળે તે માટે રૂા. ૪૩૭૧.૦૦ લાખની બજેટ જોગવાઇ.
- અનુ.જનજાતિના બાળકો ગુણવત્તાયુક્ત ટેકનિકલ શિક્ષણ લઇ સ્વયં ધંધો/ઉદ્યોગ કરી શકે તે હેતુથી રાજ્ય સરકારે રૂા. ૪૦૦૦.૦૦ લાખની વર્ષ ૧૬-૧૭ ના બજેટમાં જોગવાઇ કરી છે.



## આર્થિક વિકાસને વેગવંતો કરવો :

- રાજયના આદિવાસીઓ માટે આશીર્વાદરૂપ એવી અને વિકેન્દ્રીત આયોજનને વરેલી ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂા. ૪૧૯૦૦.૦૦ લાખ જેટલી મહત્તમ રકમની જોગવાઇ કરેલ છે.

- આદિવાસીઓમાં પણ અતિ પછાત કહી શકાય તેવી કાથોડી, કોલઘા, કોટવાળીયા, સીદ્દી, પઢાર જેવી આદિમજૂથ, હળપતિ અને બોર્ડર એરીયાના ૪૩૫ ગામો માટે છ પાયાની સુવિધાઓ પુરી પાડવા માટે આ બજેટમાં રૂા.૫૯૯૨.૦૦ લાખની વિશેષ નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે.

- માનનીય મુખ્યમંત્રીના પ્રેરક માર્ગદર્શન હેઠળ આદિજાતિ વિસ્તારોમા પરંપરાગત હાટ બજારની વ્યવસ્થાને સુદૃઢ કરવા અને હાટ બજારમાં વેચાણ અને ખરીદી માટે આવતાં આદિજાતિ બંધુઓને વિશેષ સુવિધા પૂરી પાડવા બજેટમાં હાટ બજારો ઉભા કરવા રૂા.૮૨૦.૦૦ લાખની રકમની જોગવાઈ કરી આદિજાતિ સંસ્કૃતિનું સંવર્ધન જાળવી રાખી બજાર વ્યવસ્થા ઉભી કરવાનો ગતિશીલ પ્રયાસ કરેલ છે.

- રાજ્યમાં માળખાકીય સુવિધા હેઠળ સ્માર્ટ વિલેજની યોજનાનો અમલ કરવા માટે રૂા.૬૦૦૦.૦૦ લાખની જોગવાઇ.

- મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ, બલ્ક મિલ્ક કુલર અને દૂધઘર માટે સહાય આપવા માટે રૂા. ૭૬૧.૦૦ લાખની જોગવાઇ.

- ખાંડ સહકારી મંડળીઓને વ્યાજ રાહત આપવા માટે રૂા. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ.

- ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ "સંતનગરી" ના પ્રોજેક્ટ હેઠળ બાંધકામ કરવા માટે રૂા.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ.

- વન વિસ્તાર નજીક રહેતાં લાકડાનો બળતણ તરીકે ઉપયોગ કરતા ગ્રામીણ લોકોને એલ.પી.જી. જોડાણ તથા કીટ માટેની સહાય માટે રૂા. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ.
- હરીયાળુ ગામ યોજના અંતર્ગત શાળાઓમાં વૃક્ષજાગૃતિ કાર્યક્રમ અને કીચન ગાર્ડનની યોજના માટે રૂા. ૩૨૫.૦૦ની જોગવાઇ.
- ગુજરાત વન વિકાસ કાર્યક્રમ હેઠળ સહાભાગી વન વ્યવસ્થા યોજના માટે રૂા. ૯૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ગામની વસ્તીના ધોરણે અલગ ટાઇપ ડીઝાઇન મુજબ પંચાયત ઘર અને તલાટી-કમ-મંત્રી નિવાસ બનાવવા માટે રૂા. ૧૬૬૬.૦૦ લાખની જોગવાઇ.
- આદીવાસી અંતરીયાળ વનવિસ્તારમાં આવેલ રોડ અને મકાનના બાંધકામ અપગ્રેડેશન અને રીપેરીંગના કામો માટે રૂા. ૫૯૯.૦૦ લાખની જોગવાઇ.
- ડાંગ જિલ્લામાં રસ્તા, કોઝવે અને નાળાઓના આધુનિકરણ અને નવા બાંધકામ કરવા ખાસ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત રૂા. ૩૫૦.૦૦ લાખની જોગવાઇ.
- ગ્રામીણ અને સ્વછતા કાર્યક્રમ માટે રૂા. ૧૪૩૭૧.૦૦ લાખની જોગવાઇ
- આમ આદમી વિમા યોજના રૂા. ૧૪૪.૦૦ લાખની જોગવાઇ
- ઘટક કક્ષા એજન્સી ને સંગીન બનાવવા માટે રૂા. ૬૮૬૦.૦૦ લાખની જોગવાઇ
- માળખાકીય સુવિધા માટે રૂા. ૧૦૮૨૫.૦૦ લાખની જોગવાઇ
- પ્રધાનમંત્રી વોટરસેડ કમ્પોનન્ટ યોજના માટે રૂા. ૩૫૧૪.૦૦ લાખની જોગવાઇ
- ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ માટે રૂા. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ

## સૌના માટે આરોગ્યઃ

**આદિજાતિ વિસ્તારમાં આરોગ્યની સેવાઓના વિસ્તરણ અને સુદ્રઢીકરણ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂા. ૯૫૯૯૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.**

- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં શારીરિક વિકાસની સાથે સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારો થાય અને આદિવાસી બાળકોને પૂરક પોષણ મળી રહે તે હેતુથી તા.મેઘરજ, જિ. અરવલ્લી તેમજ તા.કુકરમુંડા, જિ.તાપી એમ કુલ-૨ તાલુકાનો વર્ષ-૨૦૧૬-૧૭માં દૂધ સંજીવની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઇ રૂા. ૫૦૦.૦૦ લાખ તેમજ નાંદોદ, તિલકવાડા, ચીખલી, ભિલોડા, સોનગઢ, વ્યારા, વાલોડ, દાહોદ, ગરબાડા, દેવગઢબારીયા, ધાનપુર, કડાણા, માંડવી, મહુવા, બારડોલી, પારડી, નસવાડી અને પાવી-જેતપુર એમ કુલ-૨૧ તાલુકાઓમાં વર્ષ-૨૦૧૬-૧૭માં દૂધ સંજીવની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઇ રૂા. ૮૪૦૦.૦૦ લાખ. જેનાથી પ્રાથમિક શાળાના અંદાજે ૧૧ લાખ જેટલા બાળકોને લાભ મળનાર છે.
- ગુણવત્તાસભર સેવાઓ પુરી પાડવા હોસ્પિટલો ખાતે સુવિધા તથા માનવ સંશાધન પુરા પાડવા માટે રૂા. ૪૫૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારોમાં ૮ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવા રૂા. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં ૧૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવા રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ઇમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ **(E.M.R.I.)** ૧૦૮ ને એમ્બ્યુલન્સ સેવાઓ માટે રીપ્લેસમેન્ટથી નવી 30 એમ્બ્યુલન્સ પુરી પાડવા માટે રૂા. ૪૫૦.૦૦ લાખની જોગવાઇ.
- સરકારી અને જીએમઇઆરએસ હોસ્પિટલો ખાતે મેમોગ્રાફી અને લીથોટ્રીપ્સી અને સરકારી મેડીકલ કોલેજો અને હોસ્પિટલોને સાધન-સામગ્રી પૂરી પાડવા માટે રૂા. ૧૦૩૨.૦૦ લાખની જોગવાઇ.

- રાજયમાં બાળમુત્યુદર ઘટાડવા અતિગંભીર કુપોષિત (SAM) બાળકોને થેરાપ્યુટીક કોમ્પ્લીમેન્ટરી ફુડ (TCF) આપવા માટે રૂા. ૧૭૬.૦૦ લાખની જોગવાઇ.
- દૂધ સંજીવની યોજના હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આંગણવાળીના બાળકો સગર્ભા અને ધાત્રીમાતાને દુધ આપવા માટે રૂા. ૫૫૧૩.૦૦ લાખની જોગવાઇ.
- નેશનલ ફુડ સિક્યુરીટી એક્ટ, ૨૦૧૩ હેઠળ રાજયમાં સસ્તા દરે અનાજ આપવા માટે રૂા. ૭૨૦૯.૦૦ લાખની જોગવાઇ.
- આદિવાસી વિસ્તારમાં ૧૦૮ની સેવાઓને વધુ સુદ્રઢ કરવા માટે વનસંજીવની યોજના માટે રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં આયુર્વેદિક દવાખાના શરૂ કરવા તથા સેવાઓના વિસ્તરણ માટે રૂા. ૩૪૫૬.૪૧ લાખની જોગવાઇ.
- આદિજાતિના દર્દીઓને મફત તબીબી સારવાર માટે રૂા. ૧૬૪૦.૦૦ લાખની જોગવાઇ.
- દાહોદ ખાતે ફિઝીયોથેરાપી કોલેજની સ્થાપાના માટે રૂા. ૨૨૮.૦૦ લાખની જોગવાઇ.
- આયોડિન યુક્ત મીઠુ પુરુ પાડવા માટે રૂા. ૩૦૦.૦૦ લાખની જોગવાઇ
- અન્ન સલામતી માટે રૂા. ૭૨૦૯.૦૦ લાખની જોગવાઇ
- મધ્યાહન ભોજન અંતર્ગત રૂા. ૧૭૦૦૮.૦૦ લાખની જોગવાઇ
- સંકલિત બાળવિકાસ યોજના માટે રૂા. ૩૩૦૮૯.૦૦ લાખની જોગવાઇ
- પ્રા.શાળામાં અભ્યાસ કરતી અનુ.જનજાતિઓની કન્યા માટે રૂા. ૭૨૦૦.૦૦ લાખની જોગવાઇ
- રાજ્યનાં આદિજાતી વિસ્તારમાં સિકલ સેલ એનિમિયાના ઈલાજ માટે રૂા. ૭૦૦.૦૦ લાખની જોગવાઇ.

## આવાસઃ

**વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આગામી વર્ષમાં આદિજાતીના કુટુંબોને રહેઠાણની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે આવાસ યોજનાઓ માટે રૂા.૩૦૮૫૩.૮૯ લાખની જોગવાઇ કરેલ છે.**

- હળપતિ ગૃહ નિર્માણ, વ્યક્તિગત સહાય યોજના વગેરે હેઠળ ૨૦ કે તેથી વધુ વર્ષ પહેલાં બંધાયેલા હળપતિ લાભાર્થીઓના આવાસો કે જે ખુબજ જુના તેમજ જર્જરીત થઇ ગયેલ હોઇ તેવા હળપતિ લાભાર્થીઓને પુનઃ હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ સરકાર દ્વારા નિયત થયેલ પાત્રતા ધરાવતા લાભાર્થીને આવાસ દીઠ રૂા. ૭૦,૦૦૦.૦૦ લેખે અંદાજે ૧૦૦૦ લાભાર્થી માટે રૂા. ૭૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિના કુટુંબો માટે વ્યક્તિગત આવાસ યોજના હેઠળ રૂા. ૧૯૪૬.૦૦ લાખની જોગવાઇ.
- હાઉસીંગ ફોર ઓલ-પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં આવાસ સહાય માટે રૂા.૨૩૨૦ લાખની જોગવાઇ.
- વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં વસતા આદિજાતિઓ માટે આવાસન સુવિધા પુરી પાડવા માટે સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત રૂા. ૭૦૦૦.૦૦ લાખ તથા ઇદિરા આવાસ યોજના અંતર્ગત રૂા. ૧૨૨૭૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- શહેરી વિસ્તારોમાં વસતા આદિજાતિના લોકોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ઓછી આવક ધરાવતા કુટુબો માટે આવાસ નિર્માણ માટે રૂા. ૧૯૯૫.૦૦ લાખની જોગવાઇ, રાજીવગાંધી આવાસ યોજના અંતર્ગત રૂા. ૨૧૪૨.૦૦ લાખ, સહુના માટે આવાસ યોજના અંતર્ગત રૂા. ૨૩૨૦.૦૦ લાખની જોગવાઇ.

## શુધ્ધ પીવાનું પાણી :

**આદિજાતિ વિસ્તારમાં પીવાના પાણીની સુવિધાઓના વિસ્તરણ અને સુદ્રઢીકરણ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આગામી વર્ષમાં રૂા. ૫૮૫૮૫.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.**

- વનબંધુ યોજનાના અમલ પહેલાં ગુજરાતમાં માત્ર ૩.૯ ટકા લોકો જ નળથી પીવાનું પાણી મેળવી શકતા હતા. આજે વનબંધુ યોજનાના કારણે અત્યારે ૫૪ ટકા લોકોને નળથી પીવાનું શુધ્ધ પાણી ઘેર ઘેર મળે છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલ સાહેબે આદિવાસી બહેનોની પીવાના પાણીની સમસ્યાને ખૂબ સારી રીતે સમજી શક્યા છે અને એટલા માટે જ આ યોજના હેઠળ ભરવાના ૧૦ ટકા લોકફાળાની રકમ ન ભરી શકે તેવા સંજોગોમાં પીવાના પાણીથી આવા ગામો વંચિત ન રહે તેની આ સરકારે ચિંતા કરીને આવો લોકફાળો ભરવા માટે રૂા. ૫૯૨.૦૦ લાખની વિશેષ જોગવાઇ કરેલ છે.
- દાહોદ તથા છોટાઉદેપુર જિલ્લાના ૩૪૩ ગામોની ૧૦ લાખની વસતીને આવરી લેતી જૂથ પાણી પુરવઠા યોજના માટે રૂા. ૧૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ઉકાઇ ડેમ આધારીત ડેડીયાપાડા અને સાગબારાના ૨૦૨ ગામોની ૩ લાખ વસ્તીને આવરી લેતી જૂથ પાણી પુરવઠા યોજના માટે રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- વલસાડ, છોટાઉદેપુર અને મહીસાગર જિલ્લાના ૧૫૧ ગામોની ૪.૫ લાખની વસ્તીનો સમાવેશ કરી લેતી ચાર જૂથ પાણી પુરવઠા યોજના માટે રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ.

## સિંચાઇની સુવિધા :

**આદિજાતિ વિસ્તારમાં સિંચાઇની સવલતો વધારવા માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂા. ૯૨૯૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.**

- આદિજાતિ વિસ્તારમાં ડુંગરાળ જમીનના કારણે સિંચાઇના અભાવે આદિજાતિના ખેડૂતો શિયાળું પાક (રવી પાક)નું ઉત્પાદન કરી શકતા નથી. જેથી આદિજાતિ વિસ્તારોમાં ચેકડેમ-સહ-ઉદવહન સિંચાઇ યોજના થકી વધારાનો એક પાક લઇ આજીવિકામાં વધારો થશે તથા પશુઓ માટે ઘાસચારો પણ મેળવી શકે તે માટે જોગવાઇ રૂા. ૮૦૦.૦૦ લાખ. ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ યોજનાથી અંદાજે ૧૦ હેક્ટર અને એફ.આર.એ.ના લાભાર્થીઓ માટે ઓછામાં ઓછામાં ૫ હેક્ટર આવરી લેવાનાર છે.

- પરંપરાગત સિંચાઇ સુવિધા આદિજાતિ વિસ્તારમાં પરંપરાગત સિંચાઇ માટેની પધ્ધતિઓ માટે સહાય આપવા માટે રૂા. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ.

- મહિસાગર અને દાહોદ જિલ્લાના કડાણા જળાશય આધારિત લીફ્ટ ઇરીગેશન પ્રોજેક્ટ તેમજ પાનમ જળાશયના છેવાડાના કમાન્ડ વિસ્તાર માટે નર્મદા કેનાલ આધારિત પાઇપલાઇન કામગીરી માટે રૂા. ૧૯૦૦૦.૦૦ લાખની જોગવાઇ.


- વાલીયા, ઝગડીયા અને માંગરોળ (વાડી વિસ્તાર)ના આદિજાતિ વિસ્તાર અમટે કરજણ જળાશય અધારિત નવી ઉદવહન સિંચાઇ યોજના માટે રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારમાં ટ્યુબવેલો તથા નદી/કેનાલ આધારિત લીફ્ટ ઇરીગેશન યોજનાઓ માટે રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ.

- ઉકાઇ, દમણગંગા અને અન્ય મધ્યમ સિંચાઇ યોજનાના હયાત કેનાલ માળખાની સુધારણા અને સુદ્રઢીકરણ માટે રૂા. ૮૨૦૦.૦૦ લાખની જોગવાઇ.

- ઉકાઇ જળાશયના કાકરાપાર કમાન્ડમાં ૩૦ હજાર હેક્ટરની સિંચાઇ ક્ષમતા વધારવા માટે રૂા. ૬૨૦૦.૦૦ લાખની જોગવાઇ.

- તાપી-કરજણ પાઇપલાઇનની મોજણી અને સંશોધનની કામગીરી પૂર્ણ કરી યોજના શરૂ કરવા માટે રૂા. ૫૧૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ઉકાઇથી ગોધરા સુધીની નવી પાઇપલાઇન માટે રૂા. ૪૫૦૦.૦૦ લાખની જોગવાઇ.
- સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન યોજના અંતર્ગત નહેરોની સુધારણા માટે રૂા. ૧૮૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ઉકાઇ-પૂર્ણા હાઇ લેવલ કેનાલના માઇનોરના કામો માટે રૂા. ૯૦૦.૦૦ લાખની જોગવાઇ.
- રાજ્યના ઉત્તર-પૂર્વ વિસ્તારના આદિવાસી કે જ્યાં અનિયમિત વરસાદને ધ્યાનમાં રાખી સિંચાઇ સુવિધાની ક્ષમતાને વધારવા માટે રાજ્યના ૪૯ તાલુકાઓમાં સિંચાઇ સુવિધા માટેના પ્રયાસો રાજ્ય સરકારે હાથ ધરેલ છે. મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓના અમલ માટે સિંચાઇ ઉદ્વહન થકી ૪૬૧૧ હેક્ટર સિંચાઇ શક્તિના આયોજન માટે રૂા. ૧૦૩.૦૦ લાખની જોગવાઇ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં સિંચાઇ સુવિધા વિકસાવવા માટે રૂા. ૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ.



## સૌના માટે વિજળી :

**આદિજાતિ વિસ્તારમાં વિજળીની સાર્વત્રીક સુવિધાઓના વિકાસ માટે રૂા. ૪૯૨૭૪.૦૦ લાખની જોગવાઇ.**

- ગરીબ આદિવાસી પરીવારોને ઘરઘથ્થુ જોડાણ આપવા માટે રૂા. ૩૫૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં કુવા અને પંપોના વિજળીકરણના ફાળા માટે રૂા. ૩૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં પેટા મથકોના બાંધકામ અને પ્રવહન લાઇન નાખવા રૂા. ૧૬૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ગ્રામ્ય વિજળીકરણ માટે રૂા. ૧૧૭૦.૦૦ લાખની જોગવાઇ.
- નવી અને નવીનીકરણ ઉર્જાના સ્ત્રોત માટે રૂા. ૧૪૪.૦૦ લાખની જોગવાઇ.

## આદિજાતિ વિસ્તારમાં બાર માસી રસ્તાઓઃ

**આદિજાતિ વિસ્તાર માં બારમાસી રસ્તાની સુવિધા સુદ્રઢ કરવા અને વિસ્તાર માટે રૂા. ૧૦૯૫૦૩.૦૦ લાખની જોગવાઇ**

- આદિજાતિ વિસ્તારના ૨૫૦થી ઓછી વસ્તીનાં ગામ કે પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂા. ૬૨૪૫.૦૦ લાખની જોગવાઇ.
- સાત વર્ષથી રીસડ્રેસીંગ કરવામાં આવેલ ન હોઇ તેવા જિલ્લાને અને ગામોને જોડતા રસ્તાના રીસડ્રેસીંગ માટે રૂા. ૨૦૯૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારોમાં વન વિસ્તારમાંથી પસાર થતા જુદા જુદા રસ્તાના બાંધકામ તથા સુદ્રઢિકરણ માટેની રૂા. ૭૩૪૮.૦૦ લાખની જોગવાઇ.
- પંચાયત હસ્તકના રસ્તાઓના બાંધકામ મજબુતિકરણ અને મરામત અને સુધારણા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના સાથે રૂા. ૪૮૭૪.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં જિલ્લાઓને જોડતા તથા પંચાયત હસ્તકના માર્ગોને પહોળા કરવા માટે રૂા. ૫૩૬૮૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં ગામોને પ્રથમવાર જોડતા માર્ગોને કાચાથી મેટલ તથા મેટલથી ડામરમાં તબદીલ કરવા માટે રૂા. ૧૯૧૪.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારના ગામોને પ્રથમવાર જોડતા પાકા માર્ગો અને પંચાયત હસ્તકના માર્ગો પર ખુટતા નાળા, પુલનાકામો, કોઝવે તથા સી.ડી. વર્કરો માટે રૂા. ૩૫૦૯.૦૦ લાખની જોગવાઇ.
- શૈક્ષણીક સંસ્થાઓ જેવી કે શાળા-કોલેજો વગેરેને જોડતા પ્રવેશ માર્ગોનું બાંધકામ અને સુધારણા કરવા માટે રૂા. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં આયોજન બહારના રસ્તાઓના સમતલ બનાવવા તથા સુધારણા માટે રૂા. ૯૫૦૦.૦૦ લાખની જોગવાઇ.
- ડાંગ જિલ્લામાં આહવા,વઘઇ અને સાપુતારા માર્ગની સુધારણા અને મજબુતીકરણ માટે રૂા. ૨૬૧૪.૦૦ લાખની જોગવાઇ.

## શહેરી વિકાસ :


**આદિજાતિ વિસ્તારમાં સમાવિષ્ટ શહેરોના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂા. ૪૬૩૯૮.૭૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે**


- રાજ્યની મહાનગરપાલિકાઓ માં "મુખ્યમંત્રી શહેરી સડક યોજના" અમલમાં મુકવા માટે રૂા. ૬૭૭૫.૦૦ લાખની જોગવાઇ.
- રાજ્યની નગરપાલિકાઓ માં "મુખ્યમંત્રી શહેરી સડક યોજના" અમલમાં મુકવા માટે રૂા. ૨૦૨૫.૦૦ લાખની જોગવાઇ.
- નગરપાલિકાઓને સ્વર્ણિમ સિદ્ધિના લક્ષ્યાંકો અને નમૂનારૂપ શહેરો બનાવવા માટે તથા નગરપાલિકાઓ ને સહાયક અનુદાન માટે રૂા. ૩૩૭૧૪.૦૦ લાખની જોગવાઇ.
- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિકાસ સત્તામંડળોને સહાયક અનુદાન હેઠળ રૂા. ૧૪૦૫.૦૦ લાખની જોગવાઇ
- શહેરી સર્વાંગી પરિવર્તન અને નવીનીકરણ માટે અટલમીશન હેઠળ નગરપલિકા અને મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન હેઠળ રૂા. ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ

> **"હો હૈસલા તો રાસ્તે બહોંત હૈ, વિકાસ કી મંજીલો સફર કે,
> બસ આપકા થોડા સા સાથ ચાહીએ, કુછ કદમો તક"**










વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

2016માં (ડી-સેગ) દ્વારા પ્રકાશિત
**ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)**
(આદિજાતિ વિકાસ વિભાગ)
ત્રીજો માળ, બિરસામુંડા ભવન, સેક્ટર 10એ, ગાંધીનગર
ફોન : 079 - 232 - 52257
વેબ સાઈટ : **www.vky.gujarat.gov.in,**
**www.dsag.gujarat.gov.in**